જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૭/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૯૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર દેશી દારૂ, ૪૪૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૨૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૯ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૧,૦૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૯૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૯૯/૨૦૨૫**

સરખેજઃ (૧) વિરલભાઇ ભાનુભાઈ વાઘેલા (ઉ.વ.૩૮)(રહે.સોજન્ય સોસાયટી પારસનગર,ઇસનપુર) એ તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે વિરલભાઇ વાઘેલા નાઓ સરખેજ એસ્ટેટ દાદા એસ્ટેટની બાજુમાં સરખેજ સાણંદ ચોકડી પાસે જય જલારામ એસ્ટેટ "નિશાન એન્ટરપ્રાઇઝ" નામની દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૦૫/૦૬/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૭૨૮૫૮૬૭૪૦૭ ના ધારકે વિરલભાઇ વાઘેલાને ફોન કરી હર્ષ પટેલ વાત કરતા હોવાની ઓળખ આપી તેઓએ બેટરી તથા ઇન્વેટરના ત્રણ સેટ ખરીદવા માટે વાત કરી વિરલભાઇ વાઘેલાના મોબાઇલ ફોન ઉપર ખરીદીનો ઓર્ડર આપેલ તેમજ તેઓએ "ઉમીયા એન્ટરપ્રાઇઝ" ઘાટલોડીયા વોર્ડ નં.૨૩ દુકાન નં.૧ ગોવિંદધામ કોમ્પલેક્ષ અદ્રેશ હાઇસ્કુલ સામે કુબેરનગર" નું કાર્ડ તેમજ જીએસટી નંબર વોટસએપ દ્વારા મોકલી આપેલ, જેથી બેટરી તથા ઇન્વેટરના ત્રણ સેટ કિમત રૂપિયા ૧,૩૨,૦૦૦/– બીલ બનતું હોય પેમેન્ટની ચુકવણી માટે વિરલભાઇ વાઘેલાએ પોતાના બેન્ક ખાતાની વિગત મોકલી આપતા તેઓએ વિરલભાઇ વાઘેલાની દુકાન "નિશાન એન્ટર પ્રાઇઝ" ના નામે ૧,૩૨,૦૦૦/– રકમનો ચેક બેન્કમાં જમા કરાવ્યાનો ફોટો મોકલી આપતા, વિરલભાઈ વાઘેલાએ ઓર્ડર મુજબ માલ મોકલવા મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરતા તેઓએ કે.કે.નગરનું લોકેશન આપેલ, જે લોકેશન ઉપર રિક્ષામાં માલ ભરી મોકલતા કે.કે.નગર નજીક ખુલ્લી જગ્યામાં માલ ઉતારી લીધો હતો. ત્યારબાદ તેઓએ ભરેલ ચેક બાઉન્સ થયેલાનું જણાઈ આવતા તેઓના કોન્ટેક્ટ નંબર ઉપર સંપર્ક કરતા ફોન બંધ આવતો હોય તેઓએ આપેલ સરનામાંની જગ્યાએ ઉમીયા એન્ટરપ્રાઇઝ ખાતે જઈ તપાસ કરતા, પુછપરછ દરમ્યાન જાણવા મળેલ કે સદર આપેલ દુકાનના સરનામે અગાઉ પણ આ રીતે ફ્રોડ થયેલ છે. આમ, આરોપી હર્ષ પટેલ નામ ધરાવી અજાણી વ્યક્તિએ માલ મેળવી લઈ નાણાં નહી ચુકવી વિરલભાઇ વાઘેલા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.વાળા ચલાવે છે.

સરખેજઃ (૨) હર્ષભાઇ સ/ઓ રોહીતભાઇ સંઘવી (ઉ.વ.૩૧)(રહે.અમૃત જીવન સોસાયટી, મલાવ તળાવ રોડ, જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૫ સવારના ૧૦/૪૫ થી તા.૧૫/૦૬/૨૦૨૫ સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન સરખેજ રેલ્વે બ્રીજની બાજુમાં ઇન્દીરાનગર, PWD ની ક્વોટર્સની બાજુમાં આવેલ "હર્ષ સ્ટીલ" નામ ની હર્ષભાઇની પેઢી ખાતે આરોપી નયેશભાઇ હિમંતભાઇ પરમાર (રહે,કંગના કો.ઓ.હા.સો. રતન હોસ્પીટલ રોડ ગોવિંદવાડી રોડ ઇસનપુર) એ હર્ષભાઇના મોબાઇલ ફોન ઉપર સંપર્ક કરી લોખંડના ચેનલ ગડર તથા પ્લેટ મેળવવા માટે એસ્ટીમેન્ટ કઢાવી લોખંડના પ્લેટ તથા ગડરનું ભાવતાલ નક્કી કરી, કુલ ૯ ટન ૪૪૦ કિલો ગ્રામ કુલ કિંમત રૂપિયા ૫,૪૮,૫૧૬/- માલ મંગાવી, હર્ષભાઇના બેંક ખાતામાં એડવાન્સ પેટે રૂપિયા ૨૦,૦૦૦/- ઓનલાઇન મોકલી આપી વિશ્વાસમાં લેતા, હર્ષભાઇએ માલ ગાડીમાં ભરી ડ્રાયવર સાથે મોકલી આપતા, ડ્રાયવરને પેમેન્ટ થઇ ગયેલ હોવાનું જણાવી છત્રાલ ખાતે અન્ય પ્રશાંતભાઇ નામના માણસને માલ વેચી, તેમની પાસેથી નાણાં મેળવી, હર્ષભાઇનુ બાકીનું પેમેન્ટ નહી ચુકવી હર્ષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.વાળા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૦૦/૨૦૨૫**

ઇસનપુરઃ અઝરુદ્દીન સ/ઓ રુકનુદીન સૈયદ (રહે.બાગે નવાબ ફ્લેટ, નવાબ બીલ્ડર ઓફીસ પાછળ, શાહઆલમ, ઇસનપુર) એ તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૫ સવારના ૧૧/૩૦ થી રાતના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૫,૧૩,૦૦૦/-, ચાંદીના દાગીના તથા સીક્કા કિંમત રૂપિયા ૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૨૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૯૦૧/૨૦૨૫**

કૃષ્ણનગરઃ મધુબહેન વા/ઓ સુભાષભાઈ ગુપ્તા (ઉ.વ.૫૮)(રહે.મારૂતિ હેરિટેજ એપાર્ટમેન્ટ, મારૂતિ પ્લાઝા પાછળ, કૃષ્ણનગર) એ તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૬/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે થી સરદાર ચોક પાસે આવેલ સાંઇબાબા મંદિરે દર્શન કરવા જવા માટે ઓટોરીક્ષામાં બેઠા હતા. જે ઓટોરીક્ષાના ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ બે પુરૂષ અને એક સ્ત્રીએ ભેગામળી મધુબહેનની નજર ચુકવી મધુબહેન ગુપ્તાના હાથમાંથી સોનાનો પાટલો કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઇ, મધુબહેન ગુપ્તાને સરદાર ચોક પહેલા ઇલેક્ટ્રિક દુકાન આગળ રીક્ષા ઉભી રાખી મધુબહેનને રિક્ષામાંથી નીચે ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૦૨/૨૦૨૫**

આનંદનગરઃ ચાંદખેડા સ્ટેડીયમ પાસે વેલજીભાઇનો કુવો ખાતે રહેતા કુલદીપ શિવસંત શુક્લા (ઉ.વ.૩૦)(મુળ વતન. શુકલ ડેરૈયા તા-હરૈયા જી-બસ્તી થાના-પરશુરામપુર ઉત્તર પ્રદેશ) તા.૦૨/૦૭/૨૦૨૫ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે "ધ એરીસ્ટા વેલ સ્પા" સીમા હોલ સામે પ્રહલાદનગર ખાતે લોખંડના ઘોડા ઉપર ચઢી પી.ઓ.પી.ની સીલીંગની શીટ ફીટીંગ કરવાનું કામ કરતા હતા ત્યારે કુલદીપ શુકલાને વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ ગાભાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી